**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 30 ડીસેમ્બર 2016

**આરબીઆઈ શ્રી સાંઈ અર્બન કો ઓપરેટીવ બેંક લી., મુખેડ, જિ.: નાંદેડ, મહારાષ્ટ્ર નું લાયસન્સ રદ કરે છે.**

ભારતીય રિઝર્વ બેન્કે શ્રી સાંઈ અર્બન કો ઓપરેટીવ બેંક લી., મુખેડ, જિ.: નાંદેડ, મહારાષ્ટ્ર નું લાયસન્સ રદ કરેલ છે. આદેશનો અમલ 28 ડીસેમ્બર 2016 ના કામકાજના અંત થી કરવામાં આવ્યો હતો. રજિસ્ટ્રાર ઓફ કો – ઓપરેટીવ સોસાયટીઝ, મહારાષ્ટ્ર ને પણ બેન્કનું સમાપન કરવા માટે આદેશ જારી કરવાની અને ફડચા અધિકારી / લીક્વીડેટર ની નિમણૂંક કરવાની વિનંતી કરવામાં આવેલી છે.

ભારતીય રીઝર્વ બેન્કે લાયસન્સ રદ કર્યું કારણકે:

- બેંક, બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ 1949 (એ. એ.સી. એસ.) ની કલમ 11 (1) હેઠળ નિર્ધારિત ન્યૂનતમ મૂડી અને અનામતો ની જરૂરિયાતનું પાલન કરતી ન હતી.
- તેનો વહીવટ / કારોબાર વર્તમાન તેમજ ભાવી ડીપોઝીટરો તથા જાહેર જનતાના હિતને હાનીકારક રીતે તથા બી. આર. એક્ટ. 1949 (એ. એ.સી. એસ.) ની કલમ 11 અને 22 (3) નું ઉલ્લંઘન થાય તે રીતે કરવામાં આવતો હતો.
- બેંક તેના વર્તમાન તથા ભાવી જમાકર્તાઓને તેમનો દાવો લેણો થાય ત્યારે પૂર્ણ રીતે ચૂકવવાની સ્થિતિમાં ન હતી.
- બેંક ની નાણાકીય સ્થિતિ તેના પુનર્જીવન માટે કોઈ શક્યતા દર્શાવતી ન હતી.
- જો બેક ને વધુ સમય બેન્કિંગ કારોબાર કરવા દેવા માં આવ્યો હોત તો જાહેર જનતાના હિતને વિપરીત અસર થઇ શકે તેમ હતી.

તેનું લાયસન્સ રદ કરવાના પરિણામે, શ્રી સાંઈ અર્બન કો – ઓપરેટીવ બેંક લી., મુખેડ, જિ.: નાંદેડ, મહારાષ્ટ્ર ને તાત્કાલિક અસરથી બી. આર. એક્ટ 1949 (એ. એ.સી. એસ.) ની કલમ 5 (b) માં વ્યાખ્યાયિત થયેલ “બેન્કિંગ” કારોબાર કરવાનો પ્રતિબંધ લગાવવામાં આવે છે.

લાયસન્સ ના રદ્દીકરણ અને ફડચાની કાર્યવાહી શરૂ થવા સાથે, ડીપોઝીટ ઇન્સ્યોરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન (ડી. આઈ. સી. જી. સી.) એક્ટ, 1961 અનુસાર, શ્રી સાંઈ અર્બન કો – ઓપરેટીવ બેંક લી., મુખેડ, જિ.: નાંદેડ, મહારાષ્ટ્ર ના ડીપોઝીટરોને ચૂકવણી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ફડચાના સમયે, પ્રત્યેક જમાકર્તા ડીપોઝીટ ઇન્સ્યોરન્સ અને ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન (ડી. આઈ. સી. જી. સી.) પાસેથી સામાન્ય શરતો અને જોગવાઈઓ મુજબ તેની / તેણીની ડીપોઝીટ નું રૂપિયા 1,00,000/- (રૂપિયા એક લાખ) ની નાણાકીય સીમા સુધી રીપેમેન્ટ મેળવવા હકદાર છે.

અજીત પ્રસાદ

સહાયક સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2016 – 2017/1722**